# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## તા. 18/03/2025ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની **વર્ષ 2024-25ની ચોથી બેઠક તા. 18-03-2025 ને મંગળવારના રોજ બપોરે 04-00** વાગ્યે આદરણીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સમિતિ કક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. હર્ષદભાઈ પટેલ | : | અધ્યક્ષશ્રી (કુલપતિ) |
| 2. | ડૉ. સંજયભાઈ મકવાણા | : | સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) |
| 3. | ડૉ. કનૈયાલાલ નાયક | : | સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ) |
| 4. | ડૉ. દિપુબા દેવડા | : | સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણ વિભાગ) |
| 5. | ડૉ. નીરજભાઈ શેઠ | : | સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગ) |
| 6. | ડૉ. જગદિશચંદ્ર ગોઠી | : | સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા.) |
| 7. | ડૉ. અજયભાઈ પરીખ | : | સભ્યશ્રી (ડીન, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ) |
| 8. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન વિદ્યાશાખા, વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અને માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ) |
| 9. | ડૉ. અશ્વિન ચૌહાણ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ.; માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા) |
| 10. | ડૉ. ગેલજી ભાટીયા | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા) |
| 11. | ડૉ. મહેશ ગામીત | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 12. | ડૉ. પ્રેમ આનંદ મિશ્ર | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 13. | ડૉ. પ્રયત્કર કાનડિયા | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ; માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા) |
| 14. | ડૉ. કમલેશ પટેલ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, યોગ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા) |
| 15. | ડૉ. નિખિલ ભટ્ટ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ફુડ એન્ડ ન્યુટ્રિશન વિભાગ, વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 16. | ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ | : | સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા) |
| 17. | ડૉ. નિખિલ ભટ્ટ | : | સભ્યશ્રી (પ્રાધ્યાપક, માઇક્રોબાયોલોજી વિભાગ, વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 18. | ડૉ. નિમેષકુમાર ચૌધરી | : | સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ વિભાગ, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા.) |
| 19. | ડૉ. નિખિલ ભટ્ટ | : | સભ્યસચિવશ્રી (કા.કુલસચિવ, પ્રાધ્યાપક, માઇક્રોબાયોલોજી વિભાગ વિજ્ઞાન વિદ્યાશાખા) |

(1) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, સભ્ય (તજ્જ્ઞશ્રી) ડાયરેક્ટર, અદાણી ફાઉન્ડેશન ઓફ એજ્યુકેશન (2) પ્રો. શશિકલા વણજારી, સભ્ય (તજ્જ્ઞશ્રી) કુલપતિ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન, નવી દિલ્હી (3) ડૉ. સી.બી. શર્મા, સભ્ય (તજ્જ્ઞશ્રી) પ્રોફેસર, સ્કૂલ ઓફ એજ્યુકેશન, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી (4) ડૉ. સંજયભાઈ ચૌધરી, સભ્ય (તજ્જ્ઞશ્રી) એસોસિયેટ ડીન, સ્કૂલ ઓફ એન્જીનિયરિંગ એન્ડ એપ્લાઈડ સાયન્સ, અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ (4) પ્રો. અનિલ ગુપ્તા, સભ્ય (તજ્જ્ઞશ્રી) પૂર્વ પ્રાધ્યાપક, આઈ.આઈ.એમ., અમદાવાદ (6) ડૉ. અતુલભાઈ પરમાર, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા), (7) ડૉ. નિમિષાબહેન શુક્લ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) (8) ડૉ. દામિની શાહ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા), (9) ડૉ. સતિષભાઈ પટેલ, સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અને માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન વિદ્યાશાખા) બેઠકમાં અગાઉથી જાણ કરીને અનુપસ્થિત રહ્યા હતા.

ડૉ. મિલનભાઈ ભટ્ટ, પરીક્ષા શાખા અધ્યક્ષ અને ડૉ. હરિભાઈ પટેલ, વિદ્યાકીય શાખા અધ્યક્ષ તથા શ્રી હેમંત ભાવસાર, સેકશન ઓફિસર વિદ્યાકીય શાખા, ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય-1 : તા. 31-12-2024ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ-1 તા. 31-12-2024ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું. **(પરિશિષ્ટ-1)**

કાર્ય-2 : નીચે દર્શાવેલા અભ્યાસક્રમોને મંજૂરી આપવા બાબત.

સારણી - 1

| ક્રમ | અભ્યાસક્રમ | વિભાગ |
|---|---|---|
| 1 | B.Com. અને M.Com. અભ્યાસક્રમ અને ઓર્ડિનન્સ | — |
| 2 | P.G.D.C.A. | કમ્પ્યૂટર વિજ્ઞાન |
| 3 | P.G.D.C.A. (Syber Security) – નવો અભ્યાસક્રમ | |
| 4 | P.G.D.C.A. (Data Science) – નવો અભ્યાસક્રમ | |
| 5 | પોસ્ટ ડિપ્લોમા ઇન ઇલેકટ્રિક વેહિકલ – નવો અભ્યાસક્રમ | વિકાસ વિભાગ |
| 6 | AEC સંસ્કૃત – અભ્યાસક્રમ | તમામ વિભાગ યુ.જી. કક્ષાએ |
| 7 | પ્રમાણપત્ર અભ્યાસક્રમ<br>I. Fundamentals of Nutrition and Dietetics<br>II. Food Science and Food Processing<br>III. Community Nutrition and Public Health<br>IV. Food Service Management | ફુડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ |

ઠરાવ-2 ઉપરોક્ત સારણી - 1માં દર્શાવેલા અભ્યાસક્રમોને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. **(પરિશિષ્ટ-2)**

કાર્ય-3: UGC-NET તથા GSET પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ફીની રકમ મજરે આપવામાં આવી તેની જાણ તથા નોંધ લેવા બાબત.

સારણી - 2

| ક્રમ | UGC-NET/GSET | પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ | મજરે આપેલ ફીની રકમ | પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1. | UGC-NET June-2024 | 88 | 47,125/- | 20 |
| 2. | GSET December-2024 | 118 | 92,000/- | 16 |
| 3. | UGC-NET December-2024 | 102 | 50,475/- | 17 |
| કુલ | | **308** | **1,89,600/-** | **53** |

ઠરાવ-3 ઉપરોક્ત સારણી - 2માં દર્શાવ્યા મુજબ UGC-NET તથા GSET પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ફીની રકમ મજરે આપવામાં આવી તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-4: નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને અધિનિયમ મુજબ સાતમા વર્ષનો મુદત વધારો આપવા બાબત.

સારણી - 3

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | માર્ગદર્શકનું નામ |
|---|---|---|---|
| 1. | શ્રી જતીન કનુભાઈ મોરે | ઇતિહાસ | ડૉ. કનૈયાલાલ નાયક |
| 2. | શ્રી જિજ્ઞેશકુમાર પ્રતાપસિંહ કટારા | ઇતિહાસ | ડૉ. વિક્રમસિંહ અમરાવત |

ઠરાવ-4 ઉપરોક્ત સારણી - 3માં દર્શાવેલા વિદ્યાર્થીઓને અધિનિયમ મુજબ સાતમા વર્ષનો મુદત વધારો આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5: પ્રવેશ પ્રક્રિયા-2025 માટે તૈયાર કરેલ પ્રવેશ માર્ગદર્શિકાને મંજૂર કરવા બાબત.

ઠરાવ-5 શૈક્ષણિક વર્ષ 2025-26 માટે તૈયાર કરેલ પ્રવેશ માર્ગદર્શિકામાં સમિતિએ સૂચવેલા સુધારા-વધારા સાથે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું. **(પરિશિષ્ટ-3)**

કાર્ય-6: કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા Odoo India Private Limited, ગાંધીનગર દ્વારા તા.22-23 માર્ચ 2025 દરમિયાન આયોજિત હેકાથોન કાર્યક્રમની જાણ તથા નોંધ લેવા બાબત.

ઠરાવ-6 કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા Odoo India Private Limited, ગાંધીનગર દ્વારા તા.22-23 માર્ચ 2025 દરમિયાન આયોજિત હેકાથોન કાર્યક્રમની નોંધ લેવામાં આવી.

કાર્ય-7: બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ અને ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 11 ફેબ્રુઆરી, 2025ના રોજ Academic Learning અને Promote Mental Health for Students, Staff and Faculty માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવા બાબત.

ઠરાવ-7 બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ અને ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 11 ફેબ્રુઆરી, 2025ના રોજ Academic Learning અને Promote Mental Health for Students, Staff and Faculty માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-4)**

કાર્ય-8: આશ્રમ ગાંધી પુરી, બાલી, ઇન્ડોનેશિયા અને ગાંધીદર્શન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 5 માર્ચ, 2025ના રોજ Student Exchange Programme, Faculty Exchange, Academic Collaboration અને Reciprocal Student Exchange જેવી પ્રવૃતિઓ માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવા બાબત.

ઠરાવ-8 આશ્રમ ગાંધી પુરી, બાલી, ઇન્ડોનેશિયા અને ગાંધીદર્શન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 5 માર્ચ, 2025ના રોજ Student Exchange Programme, Faculty Exchange, Academic Collaboration અને Reciprocal Student Exchange જેવી પ્રવૃતિઓ માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-5)**

કાર્ય-9: ODOO India Private Limited, ગાંધીનગર અને કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 22-23 માર્ચ, 2025ના રોજ Hackathon માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવા બાબત.

ઠરાવ-9 ODOO India Private Limited, ગાંધીનગર અને કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે 22-23 માર્ચ, 2025ના રોજ Hackathon માટે MoU કરવામાં આવ્યું જેની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-6)**

કાર્ય-10: તા. 25-01-2025ના રોજ IQAC, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા "Draft UGC Regulations, 2025" ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું તેની નોંધ લેવા અંગે.

ઠરાવ-10 તા. 25-01-2025ના રોજ IQAC, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા "Draft UGC Regulations, 2025" ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું તેની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-7)**

કાર્ય-11: તા. 06-03-2025ના રોજ શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ-પ્રશિક્ષણ પરિષદ (NCTE) (Recognition Norms and Procedure Regulation, 2025)ના મુસદ્દા પર ચર્ચા સંદર્ભે રાજ્ય કક્ષાની સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું તેની નોંધ લેવા અંગે.

ઠરાવ-11 તા. 06-03-2025ના રોજ શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ-પ્રશિક્ષણ પરિષદ (NCTE) (Recognition Norms and Procedure Regulation, 2025)ના મુસદ્દા પર ચર્ચા સંદર્ભે રાજ્ય કક્ષાની સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું તેની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-8)**

કાર્ય-12: તા. 09-02-2025ના રોજ મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલમાં કુલ 60 તથા તા. 10-03-2025ના રોજ વ્યાસકક્ષમાં કુલ 81 કમ્પ્યૂટરની ક્ષમતાવાળી કમ્પ્યૂટર પ્રયોગશાળાની સુવિધા શરૂ કરવામાં આવી તેની નોંધ લેવા અંગે.

ઠરાવ-12 તા. 09-02-2025ના રોજ મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલમાં કુલ 60 તથા તા. 10-03-2025ના રોજ વ્યાસકક્ષમાં કુલ 81 કમ્પ્યૂટરની ક્ષમતાવાળી કમ્પ્યૂટર પ્રયોગશાળાની સુવિધા શરૂ કરવામાં આવી તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-13: વ્યાવસાયિક સજ્જતા મંદિર (વ્યાસ મંદિર) દ્વારા તા. 10-03-2025થી તા. 24-03-2025 દરમિયાન રીસર્ચ, ગાંધીવિચાર તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 જેવા ત્રિવિધ વિષયો પર આયોજિત કાર્યશાળાની નોંધ લેવા અંગે.

ઠરાવ-13 વ્યાવસાયિક સજ્જતા મંદિર (વ્યાસ મંદિર) દ્વારા તા. 10-03-2025થી તા. 24-03-2025 દરમિયાન રીસર્ચ, ગાંધીવિચાર તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 જેવા ત્રિવિધ વિષયો પર આયોજિત કાર્યશાળાની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-9)**

કાર્ય-14: સાબરમતી આશ્રમ સંગ્રહાલય સંદર્ભે મહાત્મા ગાંધીજીના જીવન, દર્શન અને યોગદાન વિષે ઐતિહાસિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તત્ત્વોને એકીકૃત કરીને 24 વિષયો ઉપર પ્રકલ્પ તૈયાર કરવાની કામગીરી અંગેની નોંધ લેવા બાબત.

ઠરાવ-14 સાબરમતી આશ્રમ સંગ્રહાલય સંદર્ભે મહાત્મા ગાંધીજીના જીવન, દર્શન અને યોગદાન વિષે ઐતિહાસિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તત્ત્વોને એકીકૃત કરીને 24 વિષયો ઉપર પ્રકલ્પ તૈયાર કરવાની કામગીરીની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-10)**

કાર્ય-15: તા. 01-04-2024થી તા. 31-03-2025 સુધી ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસોની નોંધ લેવા બાબત.

ઠરાવ-15 તા. 01-04-2024થી તા. 31-03-2025 સુધી ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસોની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-11)**

કાર્ય-16: ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત સ્વયંપાક કાર્યક્રમની વિગતોની નોંધ લેવા બાબત

ઠરાવ-16 ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત સ્વયંપાક કાર્યક્રમની વિગતોની નોંધ લેવામાં આવી અને બાકીના વિભાગો સ્વયંપાકનું આયોજન કરે તેમ ઠરાવવામાં આવ્યું. **(પરિશિષ્ટ-12)**

કાર્ય-17: ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ (Alumni Association) કાર્યક્રમની વિગતોની નોંધ લેવા બાબત.

ઠરાવ-17 ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા આયોજિત ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ (Alumni Association) કાર્યક્રમોની નોંધ લેવામાં આવી. **(પરિશિષ્ટ-13)**

બેઠકને અંતે સૌ સભ્યોનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરી.

તા. 15-05-2025

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ